ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૨૯ ટકા

# હજુ સેકટરોમાં સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં

## સોલર લાઈટની જગ્યાએ ઈલેકટ્રીક લાઈટની માંગ કરતા શહેરીજનો : રાત્રી દરમિયાન અંધારપટ છવાતા ચોરીના બનાવની ભીતિ

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં રાત્રી દરમિયાન ઘણા વિસ્તારોમાં અંધારપટ છવાયેલો રહે છે. શહેરમાં ઠેક-ઠેકાણે લાઈટોના થાંભલાની ગોઠવણ કરી હોવા છતાં શહેરીજનોને રોશની મળી રહી નથી. લાઈટોના થાંભલામાં ટેકનિકલ ક્ષતિ અથવા બીજા કોઈ કારણોસર બગડી ગયા હોવાથી રાત્રી દરમિયાન શહેરમાં ઘોર અંધારું જોવા મળી રહ્યું છે. જેમાં ચોરીના બનાવો વધી શકે તેવો શહેરીજનોને ભય સતાવી રહ્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકામાં સોલર લાઈટોની ગ્રાન્ટ બંધ કરવામાં આવી છે. શહેરના સેકટરો અને સોસાયટીઓમાં કેટલાક કોમન પ્લોટમાં સોલરલાઈટ લગાવવામાં આવી હતી. આ સોલર લાઈટો બંધ થઈ ગઈ છે જે વારંવાર રીપેરીંગ કરાવવા છતાં ચાલતી નથી તેથી શહેરીજનો દ્વારા સોલર લાઈટની જગ્યાએ ઈલેકટ્રીક સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવે અને ઈલેકટ્રીક સ્ટ્રીટ લાઈટો કોમન પ્લોટની કોર્નરમાં કોઈને પ્રસંગોપાત નડતરરૂપ ન થાય તે રીતે લગાવવાની માંગ કરવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં આવેલી તમામ સોસાયટીઓના કોમન પ્લોટમાં તથા વોર્ડ નંબર ૩માં સેકટર-૨૪, ૨૭, ૨૮ ખાતેની સોસાયટીઓમાં સ્ટ્રીટ લાઈટોની સગવડ કરી અંધારપટ દૂર કરવાની રહીશોની માંગણી છે. સોસાયટીઓના કોમન પ્લોટમાં લગાવવામાં આવેલ સોલર લાઈટ બે ત્રણ વર્ષમાં જ બંધ થઈ ગઈ છે તો કેટલીક લાઈટની ચોરી પણ થઈ ગઈ છે. જેમાં હાલમાં ખૂબ જ ઓછી સોલર લાઈટો સોસાયટીઓના કોમન પ્લોટોમાં છે અને ચાલુ સોલર લાઈટો ખુબ જ નહિવત છે. પ્રજાને પડતી હાલાકીને ધ્યાને લઈને સોલર લાઈટની જગ્યાએ ઈલેકટ્રીક લાઈટ કોમન પ્લોટની સાઈઝ પ્રમાણે લગાવવામાં આવે તે ઈચ્છનીય છે. ઈલેકટ્રીક લાઈટો લગાવવાથી સોસાયટીના કોમન પ્લોટમાં નાના મોટા પ્રસંગોમાં સગવડનું પ્રતિક બની શકે છે. આ કોમન પ્લોટમાં લગાવેલ રમતગમતના સાધનોનો ઉપયોગ બાળકો રાત્રી દરમિયાન કરી શકે અને મોબાઈલ ફોનના દૂષણથી દૂર રાખી શકાય તેવી લોકલાગણી છે. કોમન પ્લોટોમાં ઈલેકટ્રીક સ્ટ્રીટ લાઈટ લગાડવાથી વ્હીકલોની ચોરીના બનાવો પણ અટકી શકશે. શહેરમાં રાત્રી દરમિયાન ચોરીની ઘટનાઓ વધતી જઈ રહી છે. જેમાં નાના-મોટા સાધનોની ચોરી વધવા પામી છે. શહેરમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા ચોરી ચકારીવાળાને મેળ પડી જાય છે અને ઘોર અંધારામાં ચોરી છુપીથી ચોરી કરતા ઝડપી શકાતા પણ નથી. અંધારામાં કૂતરાઓ પણ જોવા મળતા નથી તેથી ચોરોને માર્ગ સારો મળી રહે છે. મોંઘવારીમાં દરેક વ્યકિત હેરાન થઈ રહ્યો છે તેવામાં લાખો રૂપિયા ચોરાઈ જવાની ઘટના બનતા કોઈ પણ વ્યકિત સહન ન કરી શકે. તેથી જનતાના હિતમાં દરેક જગ્યાએ બંધ હાલતમાં જોવા મળતી લાઈટોના થાંભલાની યોગ્ય વ્યવસ્થા અનિવાર્ય રહેશે.

**જન્મદિને વધામણી**


અક્ષય જાની
મો. ૯૯૧૩૫ ૩૨૩૬૪


વી વી વૈષ્ણવ
એમ.ડી - ઈન્ફોસિટી સ્કૂલ
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ


પ્રકાશ બી પટેલ
મો. ૮૮૬૬૦ ૯૩૮૩૪


અજય શુક્લા
મો. ૭૩૫૯૧ ૫૨૪૨૧


હિરેન બી. પટેલ


યોગી પરિક્ષીત ચૌહણ
મો. ૯૪૨૭૩ ૮૦૮૧૨

# ગાંધીનગર જિલ્લા રેડક્રોસને રાજયપાલના હસ્તે બે એવોર્ડ એનાયત





ગાંધીનગર, તા.૨૬

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, રાજય શાખા દ્વારા તાજેતરમાં ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતનાં હસ્તક વાડજ-અમદાવાદ ખાતેના ઓડીટોરીયમ ખાતે ગાંધીનગર જિલ્લા રેડક્રોસને વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ મળીને બે જુદા જુદા એવોર્ડ પ્રાપ્ત થયા હતા. જેમાં આ સમય દરમિયાન સૌથી વધુ થેલેસેમીયા ટેસ્ટ થવા બદલ જિલ્લા રેડક્રોસ તરફથી મગનભાઈ કાકડીયા, ગોવિંદભાઈ આહીર, જયંતિભાઈ વઘાસીયાએ એવોર્ડ સ્વીકાર્યો હતો. તથા બીજો ખાસ વ્યકિતગત એવોર્ડ કોરોનાકાળમાં 'હ્યુમેનીટેરીયન સર્વિસ એવોર્ડ' માનવતાવાદી કાર્ય કરવા બદલ જિલ્લા ચેરમેન જીલુભા ધાધલને રાજયપાલના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટીને આ એવોર્ડ મળવાથી જિલાના તમામ સભ્યોએ અને મિત્રોએ હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવ્યા હતા.

# સરકારી વાણિજય કોલેજ ખાતે સમર ઈન્ડકશન વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૨૬

સરકારી વાણિજય કોલેજ સેકટર ૧૫ ગાંધીનગર ખાતે શિક્ષણ વિભાગ દ્વારા ઈનોવેશન કલબ અંતર્ગત એક દિવસીય સમર ઈન્ડકશન વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી ની કચેરી ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાની કુલ ૧૩ કોલેજોમાં ઈનોવેશન કલબની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં કોડિનેટર્સ અને અને વિદ્યાર્થીઓને તાલીમ અને શિક્ષણ માટે સરકારી વાણિજય કોલેજ ગાંધીનગર ખાતે વર્કશોપનું આયોજન કરેલ હતું. આ સમારંભમાં અધ્યક્ષ સ્થાને શંભુજી ઠાકોર, ધારાસભ્ય, ગાંધીનગર; અતિથિ વિશેષ તરીકે એમ. નાગરાજન, આઈ.એ.એસ, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર તેમજ નારાયણ માધુ, સંયુકત કમિશનર, ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શંભુજી ઠાકોર ધારાસભ્ય, ગાંધીનગરએ વિદ્યાર્થીઓને સરકારશ્રીના વિવિધ અભિયાન અને પ્રોજેકટ જેવા કે સ્વચ્છ ભારત અભિયાન, આત્મનિર્ભર ભારત વગેરેમાં ઈનોવેશન કેવી રીતે ઉપયોગી થઈ શકે તે વિશે માહિતી આપી હતી.




એમ.નાગરાજન, કમિશનર, ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરીએ વિદ્યાર્થીઓને આપણી આસપાસના વિષયના પ્રશ્નો ના નિરાકરણ માટે કેવી રીતે ઈનોવેશન ઉપયોગી થઈ શકે તે વિશે વકતવ્ય આપ્યું હતું તેમજ નારાયણ માધુ, સંયુકત કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીએ વિદ્યાર્થીઓને ઈનોવેશન દ્વારા રોજગારીની તકો કેવી રીતે ઉભી કરી શકાય તે વિશે વકતવ્ય આપ્યું હતું. ગુજકોસ્ટ ટીમ તરફથી કિંજલબેન ટ્રેનરે વિદ્યાર્થીઓને ખૂબ જ રસપૂર્વક તમામ કીટનું નિદર્શન કરેલ અને વિદ્યાર્થીઓએ પણ રસ દાખવીને સમગ્ર કીટ વિશે જ્ઞાન મેળવ્યું હતું. આ વર્કશોપમાં ૧૩ કોલેજના કુલ ૯૮ વિદ્યાર્થીઓ અને કોર્ડીનેટરે તાલીમ લીધેલ, જે ઈનોવેશન કલબના પ્રથમ તબક્કાની તાલીમ હતી. સરકારી વાણિજય કોલેજ ગાંધીનગરના આચાર્ય ડૉ. એ.એન.સુતરીયાએ સમારંભમાં ઉપસ્થિત મહેમાનો, ૧૩ કોલેજોના કો-ઓર્ડીનેટર અને વિદ્યાર્થીઓનું શાબ્દિક અભિવાદન તેમજ આભાર વ્યક્ત કર્યો હતો, ઉપરાંત કોલેજને ઈનોવેશનની કીટ આપવા બદલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આ વર્કશોપના આયોજનથી વિદ્યાર્થીઓમાં પોતાના વિચારોને એક પ્રોડકટ બનાવવા સુધી પહોંચાડવા તેમજ રોજગારીની તકો ઊભી થાય એ હેતુસર પ્રયત્ન કરવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યના માર્ગદર્શન હેઠળ કોલેજના સમગ્ર સ્ટાફ દ્વારા આ સમર ઈન્ડકશન વર્કશોપ સફળતાપૂર્વક કરવા માટે પૂરો સાથ સહકાર આપ્યો હતો.

# એસ.એસ.આઈ .ટી , ભાટ કૉલેજનું ગૌરવ



ગાંધીનગર, તા.૨૬

૧૧ માં ખેલ મહાકુંભનું રાજયકક્ષા એ કરાટે સ્પર્ધાનું તારીખ ૧૪ થી ૧૭ મે ૨૦૨૨ ના રોજ નડિયાદ, ખેડા ખાતે આયોજન થયું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટ, ગાંધીનગર ના કરાટે કોચ ગોહિલ રજતસિંહના સાંનિધ્યમાં તાલીમ મેળવેલ પ્રથમ વર્ષ કમ્પ્યુટર ઈજનેરી શાખામાં અભ્યાસ કરતા પંચાલ દેવેશ સંજયભાઈ એ ૪૦ થી ૪૫ કિલોગ્રામ વજન ગ્રુપમાં પ્રથમ ક્રમ મેળવી સુવર્ણ પદક હાંસિલ કરેલ છે.

આ ઉપરાંત પુના ખાતે કરાટે ઈન્ડિયન ઓર્ગનાઈઝેશન (KIO) ની નેશનલમાં ૪૫ થી ૫૦ કિલોગ્રામમાં પણ પસંદગી પામેલ છે. તેમાં પણ આજ રીતે પ્રગતિ હાંસિલ કરે તેવી શુભેચ્છા સંસ્થાના ડિરેકટર ધર્મેશ વંડરા અને પ્રિન્સિપાલ હિતેશભાઈ વંડરા, કોમ્પુટર વિભાગના વડા ડો.વિજય ગઢવી, કોચ ગોહિલ રજતસિંહ અને સમસ્ત કૉલેજ પરિવારે પાઠવી હતી.

# ગાંધીનગરના ખેલાડીએ રોલબોલ રમતમાં રાષ્ટ્રીય કક્ષાએ મેદાન માર્યું

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં શ્રી શિવ છત્રપતિ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, બાલેવાડી, પુને, મહારાષ્ટ્ર ખાતે રોલ રમતની રાષ્ટ્રીય કક્ષાની સિનિયર સ્પર્ધા ૧૯ થી ૨૨ મે ૨૦૨૨ દરમિયાન યોજાઈ હતી. જેમાં અલગ અલગ રાજયના ઘણા બધા ખેલાડીઓએ ભાગ લીધો હતો. રોલબોલ રમત એ ટીમમાં રમાતી રમત છે. ગુજરાતની ટીમમાં ગાંધીનગરના ક્રિષ્ણા પટેલે ભાગ લીધો હતો. જેણે



ત્રીજો નંબર લાવી પોતાનું તથા કુટુંબનું નામ રોશન કર્યુ છે. જેઓના કોચ ભાર્ગવ આયરે આગળ જતાં પણ તે આવી જ રીતે પોતાનો પ્રયાસ આગળ વધારીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પોતાની નામના મેળવે એવી શુભેચ્છા પાઠવી હતી. રોલબોલ એસોસિએશન ઓફ ગુજરાતના સેક્રેટરી દિવ્યેશભાઈ ગોહિલ અને વર્કિંગ પ્રેસિડેન્ટ ધર્મેશ પરમાર દ્વારા પણ આ ખેલાડીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# જીઆઈપીએસના વિદ્યાર્થીને ખેલ મહાકુંભમાં બ્રોન્ઝ મેડલ



ગાંધીનગર, તા.૨૬

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૧૧ મો ખેલ મહાકુંભ રાજયકક્ષાની અંડર ૧૭ ભાઈઓ ની સ્પર્ધા સોમનાથ, મુ.કોડીનાર મુકમે યોજાઈ હતી. જેની અંદર ૬૭ કિગ્રા વેઈટ ગ્રુપમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થી ચૌધરી પિયુષ ગજાભાઈ ગામ-થાવર(બનાસકાંઠા) સમગ્ર રાજયમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે તે બદલ શાળાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રિન્સીપાલ અને શિક્ષકશ્રીઓએ વિદ્યાર્થીને અને કોચને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા અને આવનાર સમયમાં આનાથી પણ ઉચ્ચ કક્ષાની સિધ્ધિ પ્રાપ્ત કરે તેવા આશીર્વચન આપ્યા હતા.

# રવિવારે ગણપત યુનિવર્સિટીનો કેરિયર કાઉન્સેલીંગ સેમિનાર યોજાશે

ગુજરાત રાજ્યની પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાં પહેલી પાંચ યુનિવર્સિટીમાં પોતાનું સ્થાન અંકિત કરનાર હાઈટેક એવી ગણપત યુનિવર્સિટીના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ, એક્ઝિક્યુટિવ ડિન્સ, પ્રિન્સિપાલ અને અન્ય વિવિધ જ્ઞાન શાખાના નિપુણ અધ્યાપકોને રૂબરૂ મળીને મહત્વના જ્ઞાન, માહિતી, માર્ગદર્શન મેળવવા માટે ગણપત યુનિવર્સિટીએ ગાંધીનગરના વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા ઉભી કરી છે.

ગાંધીનગર શહેરની જાણીતી હોટલ ફોરચ્યુન ઈન હવેલી, પ્લોટ નંબર ૨૩૫, સેકટર ૧૧ ખાતે પ્રો. સૌરભી ચતુર્વેદી (મો.૯૮૨૬૭૨૬૦૯૧) નો સંપર્ક કરી કોઈ પણ વાલી અને વિદ્યાર્થી માહિતી અને માર્ગદર્શન માટે મળવા જઈ શકે છે તેમ જણાવ્યું હતું.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦૪ લાભાર્થીને વિતરણ

ગાંધીનગર, તા.૨૬

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦૪ લાભાર્થીઓને છ



વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગોઢ, ચઢેરા, હિમ્મતપુરા, રૂદ્રેશ્વર, ભેટાલી એમ પાંચ જગ્યાએ સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. જેમાં ૩ કિગ્રા ચોખા, બલ્બ, સાડી, ચા નાસ્તો, ડીશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં નિખીલ ભટ્ટ, મિલિંદભાઈ, મોન્ટુ, સુરેશ સાથે રહ્યા હતાં.


# બજારોમાં લીંબુના ભાવમાં કડાકો : કોથમીર આસમાને

## કોથમીરના ભાવ ત્રણ ગણા થઈ ગયા : લીંબુ ૬૦ રૂ. કિલો અને કોથમીર ૧૨૦ રૂ. કિલો

ગાંધીનગર, તા.૨૬

શહેરમાં વધતી જતી ગરમીમાં લીંબુનો વપરાશ વધ્યો હતો પણ લીંબુના ભાવ આસમાને પહોંચતા શહેરીજનોએ લીંબુ ખરીદવાનું બંધ કરી દીધું હતું. લીંબુના ભાવ સામાન્ય નાગરિકોને પરવડી શકે તેવા નહોતા. હવે લીંબુની આવકમાં વધારો થતાં તેના ભાવમાં ઘટાડો થઈ રહ્યો છે તો બીજી બાજુ કોથમીરના ભાવ આસમાને પહોંચ્યા છે. હાલ કોથમીરની આવક ઘટી હોવાથી તેના ભાવમાં વધારો થયો છે.

એક માસ પહેલાં ૪૦૦ રૂપિયા કિલો પાર પહોંચેલા લીંબુની બજારોમાં આવક વધવાની સાથે જ ભાવમાં કડાકો થયો છે. હોલસેલ બજારમાં ૬૦ રૂપિયા અને રિટેઈલ બજારમાં ૧૦૦ થી ૧૨૦ રૂપિયે વેચાણ થઈ રહ્યું છે. જો કે કોથમીરના ભાવો ત્રણ ગણા થઈ ગયા છે. સામાન્ય દિવસોમાં કોથમીર ૪૦ રૂપિયા કિલો મળતી હતી તે અત્યારે ૧૨૦ રૂપિયા કિલો મળી રહી છે. જયારે લીલા શાકભાજીના ભાવો રૂપિયા ૮૦ થી ૯૦માં મળી રહ્યા છે. ગરમીની સિઝનમાં લીંબુના ભાવ ઘટવાથી ગૃહિણીઓએ હાશકારો લીધો છે જયારે શાકભાજીના ભાવોમાં પણ ૨૦ ટકા સુધીનો ઘટાડો થયો છે.





જો કે છૂટક બજારમાં સામાન્ય ઘટાડો કરીને ગૃહિણીઓ પાસેથી વધુ નાણાં પડાવી રહ્યા છે. આ ઉપરાંત ટામેટાની આવક માર્કેટમાં ઓછી થઈ હોવાથી હોલસેલમાં ૩૫થી ૪૦ રૂપિયા કિલો મળી રહ્યા છે જયારે રીટેઈલમાં ૬૦ રૂપિયાની આસપાસ ટામેટાનો ભાવ ચાલી રહ્યો છે. હજી પણ ટામેટાના ભાવમાં ઉછાળો આવે તેવું વેપારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું. ગૃહિણીઓ શાકભાજી લેવા જાય ત્યારે શાકભાજીની સાથે કોથમીર મરચાં ફ્રીમાં મળતા હતા જે હવે ભાવવધારો થવાથી ગૃહિણીઓને પૈસાથી કોથમીરની ખરીદી કરવી પડી રહી છે. ટામેટા ભાવમાં ઉછાળો નોંધાયો છે જેનો ઉપયોગ મોટા ભાગના શાકભાજી અને સલાડમાં કરવામાં આવતો હોય છે. બજારોમાં વારંવાર એક બાદ એક ખાદ્યસામગ્રીઓના ભાવમાં ઉછાળો આવે છે તો બીજી તરફ આવકમાં વધારો થતાં ભાવમાં કડાકો બોલી જાય છે. આમ, માર્કેટમાં તેજી અને મંદીનો માહોલ દિનપ્રતિદિન જોવા મળે છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શાહ પ્રતિક મધુસુદન, ઉ.વ. ૫૬, સેકટર-૨૮
- સ્વ. સરાવિયા રૂપલ રતિલાલ, ઉ.વ. ૫૧, સેકટર-૭